ખેડબ્રહ્મા તાલુકા પાંચ મહુડાના ગામના મૃતદેહને ૨૬ દિવસથી બરફ વચ્ચે રાખી હોઇ ન્યાય આપવા માંગ

ખેડબ્રહ્મા, તા. ૨૮

ખેડબ્રહ્મા શહેર શહેર નજીક તારીખ ૪/૧/૨૦૧૯ના મેત્રાલ નજીક જગમેર નજીકની ઝાડીઓમાં મૃતદેહ લટકતો મળી આવતા જે વાતને આજરોજ ૨૬ દિવસ જેટલા દિવસ વિતી ગયા પણ કોઈ જાતનું પરિણામ ન મળતાં આજરોજ મોટી સંખ્યામાં વનવાસી બંધુઓ હાજર રહી યોગ્ય તપાસ કરવામાં આવે તે બાબતે આવેદનપત્ર આપવામાં આવ્યું છે અને યોગ્ય તપાસ ન થાય તો તારીખ ૩૧/૧/૨૦૧૯ સુધી શંકાસ્પદ ગુનેગારોને પકડવામાં નહીં આવે તો અમો તમામ વનવાસી બંધુઓને બીરસા મુંડા સર્કલથી ભેગા મળીને ત્યાંથી રેલી કાઢી પાન્ત કચેરીએ ધરણાંનું આયોજન કરવામાં આવશે અને ન્યાય ન મળે ત્યાં સુધી દીકરીનો અંતિમ સંસ્કાર કરવામાં નહીં આવે તેવું આવેદનપત્ર આજરોજ ખેડબ્રહ્મા શહેરમાં નાયબ કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

કુલ પાંચ બાબતે વારંવાર લેખિત રજુઆત કરી છે દીકરીના પિતા દ્વારા ૫/૧/૨૦૧૯ના રોજ પીએસઆઈને શંકાસ્પદ મુત્ય બાબતે અરજીપત્રક આપ્યું. તારીખ ૬/૧/૨૦૧૯ના રોજ શંકાસ્પદ ગુનેગારોને પકડવા નામજોગ અરજી આપેલ, તારીખ ૮/૧/ના રોજ ધમકી આપનારા ફોન નંબરોની યાદી આપેલ કોલ ડીટલ કાઢી તપાસ કરી ઘટતુ કરે, મૃત દીકરી તથા તેના પિતા વિરુદ્ધ જીલ્લા વડા સાબરકાંઠાને અરજી, તટસ્થ તપાસ અર્થે કાઈમ બ્રાંચ/સીબીઆને તપાસ કરવામાં આવેની અરજી ૮/૧/૨૦૧૦ તમામ અરજી ૨૬ દિવસ થયેલા છે છતાં પોલીસ સંતોષકારક જવાબ આપી શકી નથી તેમજ કોઈ ગુનેગારોને પકડવામાં સફળ રહીં નથી તેવાં તમામ મુદ્દાને લઈને આજરોજ ખેડબ્રહ્મા પાન્ત સાહેબને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

૨ અને ૩ ફેબ્રુઆરીએ ઉત્તરાર્ધ મહોત્સવની ઉજવણી કરાશે

મહેસાણા, તા. ૨૮

૨ અને ૩ ફેબ્રુઆરીના રોજ મોઢેરા સુર્ય મંદિર ખાતે ઉત્તરાર્ધ મહોત્સવ યોજાનાર છે. સુવિખ્યાત સુર્ય મંદિરના સાનિધ્યમાં કલાકારો દ્વારા વિવિધ કૃતિઓ રજુ કરવામાં આવશે. જિલ્લામાં દર વર્ષે ઉત્તરાર્ધ મહોત્સવની ઉજવણી કરવામાં આવે છે. ૨ અને ૩ ફેબ્રુઆરીના રોજ સાંજે ૬-૩૦ કલાકે થનાર ઉજવણીમાં કલારસિકો આવનાર છે. જિલ્લામાં ઉત્તરાર્ધ મહોત્સવની ઉજવણીની તૈયારીને વહીવટીતંત્ર દ્વારા આખરી ઓપ અપાઈ રહ્યો છે.

નવ પલ્લવ મોડેલ સ્કૂલ ભગાબારૈયામાં સાંસ્કૃતિક કાર્યક્રમ ઉજવાયો

ખેડા, તા. ૨૮

નવ પલ્લવ મોડેલ સ્કૂલ પ્રાથમિક શાળા ભગાબારૈયાના સહયોગથી ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી દ્વારા દેશભક્તિ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન પ્રજાસત્તાક દિને કરવામાં આવેલ હતુ. ધારાસભ્ય અજીતસિંહ ચૌહાણ, પાંડવાના સરપંચ અજીતસિંહ પરમાર, આકાશ સમાજ સેવા ટ્રસ્ટના પ્રમુખ નટવરસિંહ ચૌહાણ આચાર્ય રામસિંહ ચૌહાણ, સુક્રિષ્ના સાર્વજનિક ટ્રસ્ટના પ્રમુખ રીનેશ ભટ્ટ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના

વિદ્યાર્થીઓ માટે મેગા પ્લેસમેન્ટ ફેર ૬૦ હજારથી વધુ યુવાઓને તક મળશે

ગાંધીનગર, તા. ૨૮

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના યુવાધનને શિક્ષણ સાથે રોજગારી સર્જન માટે

રાજયમાં તા. ૨૮ જાન્યુઆરીથી ૧૩ ફેબ્રુઆરી-૨૦૧૯ સુધી ૩૩ જેટલા મેગા પ્લેસમેન્ટ ફેર યોજીને હર હાથ કો કામનો મંત્ર પાર પાડવાની સંકલ્પબધ્ધતા વ્યકત કરી છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, ૬૦ટકાથી વધુ યુવાશકિત ધરાવતા ભારતમાં યુવાધનના શકિત સામર્થ્યને યોગ્ય રોજગાર અવસર આપીને ગુજરાત રોજગાર સર્જન અને યુવાશકિતને નિખાર આપવામાં પણ રોલ મોડેલ બને તેવી નેમ છે.

મુખ્યમંત્રીએ અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજો અને ગ્રાન્ટ ઈન એઈડ કોલેજોના વિદ્યાર્થીઓ માટે ૬૦ હજારથી વધુ રોજગારીની તકો પ્લેસમેન્ટ પૂરી પાડતા મેગા પ્લેસમેન્ટ ફેરનો પ્રારંભ કરાવ્યો હતો.

વિજયભાઈ રૂપાણીએ આર્થિક ઉન્નતિની પરિભાષા કરતાં કહ્યું કે જ્યારે ગરીબી, બેરોજગારી, ભ્રષ્ટાચાર દૂર થાય અને શિક્ષણનો વ્યાપ વધી રોજગાર સર્જન થાય ત્યારે જ મા-ભારતી વંદેમાતરમ સમાન રિપૂદલ ધારિણીમ, સરસ્વતી, શકિત સમાન ભવ્ય બની શકે. તેમણે કહ્યું કે વડાપ્રધાનએ ૨૦૨૨ સુધીમાં સુજલામ-સુફલામ અને આર્થિક-શૈક્ષણિક-સશકત દેશ બનાવવાની જે પ્રેરણા આપી છે તેને સાકાર કરવામાં ગુજરાત પણ આવા પ્લેસમેન્ટ ફેરથી સહયોગી થયું છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે ભૂતકાળના શાસનોમાં રોજગારની વાતો થઈ પરંતુ કોઈ નક્કર આયોજનો થયા નહિ. યુવાપેઢીમાં રોજગારની ચિંતા વ્યાપેલી હતી ત્યારે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ યુવા પેઢીનું ભાવિ ઉજ્જવળ બને તેવા હેતુથી સ્કીલ ઈન્ડીયા, મેઈક ઈન ઈન્ડીયા, સ્ટાર્ટઅપ ઈન્ડીયા, આઈક્રિયેટ જેવા અભિયાનોથી દેશના યુવાધનને વિશ્વ યુવા બનાવ્યું છે.

તેમણે આ પ્લેસમેન્ટ ફેરમાં સહભાગી થયેલા ઊદ્યોગોનો આભાર વ્યકત કરતાં કહ્યું કે કોઈ પણ ઊદ્યોગ-રોકાણ ત્યારે જ રાજયમાં સ્થાપે જયારે ઈન્ફ્રાસ્ટ્રકચર, લો એન્ડ ઓર્ડર, લેબર પીસ બધુ સુદ્રઢ અને સરળ હોય. મુખ્યમંત્રીએ ગુજરાત બે

દાયકા ૧૭-૧૮ વર્ષ પહેલાં રાજ્યના ઈલાકાઓ અસામાજીક તત્વોના નામે ઓળખાતા હતા, ખંડણી લેવાતી અને રાજકીય ઈચ્છાશકિતના અભાવે આવા તત્વો ફૂલ્યા ફાલ્યા હતા તેની છણાવટ કરી હતી.

શિક્ષણ વિભાગના અગ્ર સચિવ શ્રીમતી અંજુ શર્માએ જણાવ્યું હતું કે, ગુજરાત સરકારે વિદ્યાર્થિઓના ભાવિ ઘડતરની સાથે સાથે તેમના માટે રોજગારીના દ્વાર પણ ખોલ્યા છે. રાજ્ય સરકારે છેલ્લા બે માસથી આ માટેનું આયોજન કર્યું હતું. પ્રતિ માસ ૧૦ હજાર થી ૫૫ હજાર જેટલા પગાર વાળી નોકરીઓ ઉપલબ્ધ છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ નોકરીઓમાં ૨૫ ટકા ટેકનીકલ જોબ છે તથા મહત્તમ જોબ બી.એ. કે બી.કોમ કરેલા ઉમેદવારો માટે છે.

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ જયમીન વસાએ જણાવ્યું હતું કે, આજે સ્પર્ધાત્મક યુગમાં પરિમાણો બદલાયા છે, ત્યારે વિદ્યાર્થિઓએ પોતાનું કૌશલ અને કૌવત બતાવવાનો આ સમય છે. આજે અનેક પડકારો વચ્ચે પણ આપણામાંની શ્રેષ્ઠતાને પુરવાર કરવાનો આ સમય છે. માત્ર ડીગ્રી મેળવવી પુરતું નથી પરંતુ ઈનોવેશન-ક્રિએટીવીટીને પણ દર્શાવવી પડશે એમ તેમણે ઉમેર્યું હતું.

ગાંધીનગર ખાતે રાષ્ટ્રીય કક્ષાની નર્સીંગ કોન્ફરન્સ યોજાઈ

પ્રાંતિજ, તા. ૨૮

ગાંધીનગર સિવિલ ખાતે પ્રથમ રાષ્ટ્રીય કક્ષાની નર્સીંગ કોન્ફરન્સ યોજાઈ જેમાં પંજાબ,

હરિયાણા, રાજસ્થાન સહિત ગુજરાતમાંથી ૧૬૦૦ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં. સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ રેલ્વે સ્ટેશન વિસ્તારમાં આવેલ નર્સીંગ કોલેજ એન્ડ સ્કુલ દ્વારા ગાંધીનગર સિવિલ ખાતે આવેલ ઓડીટેરીયમ હોલમાં એક દિવસ્ય પ્રથમ રાષ્ટ્રીય કક્ષાની નર્સીંગ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઈન્ટરનેશનલ કોન્ફરન્સમાં ગુજરાતમાંથી તથા ગુજરાત બહાર આવેલ રાજ્યો રાજસ્થાન, પંજાબ, હરિયાણા સહિતના નર્સીંગ કોલેજનો સ્ટાફ તથા ૧૬૦૦ નર્સીંગના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રથમ નર્સીંગ કોન્ફરન્સમાં સોવીનિયર પુસ્તકનું પણ ઉપસ્થિત મહાનુભાવો મહેમાનો દ્વારા વિમોચન કરવામાં આવ્યું હતું. આ કોન્ફરન્સનો મુખ્ય હેતુ નર્સીંગના વિદ્યાર્થીઓને નવી દિશા મળે તે માટે કોન્ફરન્સ યોજાઈ હતી. આ કોન્ફરન્સનુ આયોજન પ્રાંતિજ ચિત્રિણી નર્સીંગ કોલેજ સ્કુલ દ્વારા ગુજરાત તથા રાજય બહાર આવેલ કોલેજના સહિયોગથી સંપુર્ણ આયોજન ચિત્રિણી કોલેજના સંચાલક ડાં. નૃપાંશભાઈ પટેલ તથા સંસ્થાના સ્થાપક એ.કે. પટેલ તથા ચિત્રિણી કોલેજ સ્ટાફ પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાબરકાંઠા-અરવલ્લી સાંસદ દિપસિંહ રાઠોડ, ગુજરાત નર્સીંગ કાઉન્સીલના રજીસ્ટાર ડાં. પ્રજ્ઞાબેન ડાભી, જી.એન.સી.ના વાઈસ પ્રેસીડેન્ટ એલ.એ. કડીવાલા, મેડીકલ કોલેજ ગાંધીનગરના ડીન શોભનાબેન ગુપ્તા, હિંમતનગર સિવીલ હોસ્પિટલના સુપ્રીટેન્ડ જે.એમ. ઉપેરીયા, પાટણ મેડિસિન ફેકલ્ટીના ડીન ડાં. ડી.ડી. પાટીદાર, ડાં. નૃપાંશભાઈ પટેલ, એ.કે. પટેલ, કોલેજ પ્રિન્સીપાલ નરેન્દ્રકુમાર શર્મા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

બનાસડેરી સંચાલિત બનાસ ઓઈલ સંકુલ ખાતે 'ટેક હોમ રાશન' પ્લાન્ટનું લોકાર્પણ

પાલનપુર, તા. ૨૮

પાલનપુર-ડીસા હાઈવે પર આવેલ બાદરપુરા ગામ નજીક બનાસ ડેરી દ્વારા સંચાલિત બનાસ ઓઈલ સંકુલ ખાતે ટેક હોમ રાશન પ્લાન્ટનું રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. ગુજરાત રાજયમાં આવેલ આંગણવાડીઓ ખાતે લાભાર્થીઓને ટેક હોમ રાશન પ્રોડક્ટ ઉત્પાદન કરી પહોંચાડવા માટે નિર્યણ કરવામાં આવ્યો હતો.

ટેક હોમ રાશનના પ્રોડકટના ઉદ્ઘાટન સમારોહ પ્રસંગે બનાસડેરીના ડિરેકટરો દ્વારા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને મા અંબાની પ્રતિમા ભેટ આપી સન્માન કરવામાં આવ્યું હતું જયારે મુખ્યમંત્રીના ધર્મપત્ની અંજલીબેન રૂપાણીનું પશુપાલક મહિલાઓ દ્વારા ગાયની પ્રતિમા આપી સન્માનિત કરવામાં આવ્યું હતું. ટેક હોમ રાશનની માતૃશક્તિ પ્રોડકટનું લોન્ચિંગ પણ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે કરવામાં આવ્યું હતું.

ગુજરાત ગાર્મેન્ટ ઝોનમાં ગણતંત્ર દિવસની ઉજવણી

ગુજરાત ગારમેન્ટ ઝોન, ગાંધીનગરમાં ગણતંત્ર દિવસની ઉજવણી નિમિત્તે ગારમેન્ટ ઉત્પાદકો એકત્ર થયા અને ચેરમેન ત્રિલોકભાઈના હસ્તે ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. તેમણે પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે હવેનો સમય દેશને નુકસાનકારક એવા રિવાજોથી મુક્ત થવાનો છે. આ પ્રસંગે ઉપસ્થિત ૭૦૦ જેટલા નાગરિકોએ દેશની પ્રગતિ કાજે નૈતિક મૂલ્યોનું પાલન કરવાની પ્રતિજ્ઞા લીધી હતી.

પ્રાંતિજ અવરઓન હાઈસ્કુલ ખાતે પ્રજાસત્તાક પર્વની ઉજવણી

પ્રાંતિજ, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ અવરઓન હાઈસ્કુલ ખાતે ૭૦માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવી હતી. પ્રાંતિજ રેલ્વે સ્ટેશન ઉપર આવેલ કેળવણી મંડળ સંચાલિત અવરઓન હાઈસ્કુલ ખાતે ૭૦માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવી હતી જેમાં મંડળના પ્રમુખ અને

શાન્તીદૂત એવોડ્ર્સ વિજેતા રઈશભાઈ કસ્બાતી દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. સંસ્થાના મંત્રી દ્વારા મેદાનમાં બનાવેલ વિવિધ ટેબ્લોની ખુલ્લી જીપમાં સવાર થઈને નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. વિવિધ ટેબ્લો નિહાળી સલામી આપી હતી. આ પ્રસંગે પ્રાંતિજ નગરપાલિકા પૂર્વ પ્રમુખ નિત્યાનંદભાઈ બ્રહ્મભટ્ટ, અરવિંદભાઈ કોઠારી, ઉછા માજી સરપંચ જયંતિભાઈ પટેલ, શાળા આચાર્ય, પીટી શિક્ષક જગદીશભાઈ રાવલ તથા શાળા સ્ટાફ સહિત વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહીને ૭૦માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવી હતી.

કંપની સમાચાર

આજે શેલે હોટેલ્સ લિમિટેડનો આઈપીઓ ખુલશે, ૩૧મીએ બંધ થશે

ભારતમાં મુખ્ય મેટ્રો શહેરોમાં હાઈ-એન્ડ હોટેલ્સની માલિક, ડેવલપર અને એસેટ મેનેજર શેલે હોસ્ટેલ્સ લિમિટેડ (''કંપની'')એ ૨૯ જાન્યુઆરી, ૨૦૧૯નાં રોજ એનો આઈપીઓ (ઈનિશિયલ પબ્લિક ઓફર) ખોલવાની દરખાસ્ત રજૂ કરી છે. આઈપીઓમાં રૂ. ૧૦ની ફેસ વેલ્યુના (''ઈક્વટી શેર'')નાં રૂ. ૯,૫૦૦ મિલિયનનાં ઈક્વિટી શેર (''ફ્રેશ ઈશ્યૂ'') અને ૨૪,૬૮૫,૦૦૦ ઈક્વિટી શેર (''ઓફર થયેલા શેર'')નાં વેચાણ માટેની ઓફર સામેલ છે. ઓફર ફોર સેલમાં (૧) રવિ સી. રાહેજાના ૫,૫૫૦,૦૦૦ ઈક્વિટી શેર (૨) નીલ સી. રાહેજાનાં ૫,૫૫૦,૦૦૦ ઈક્વિટી શેર, (૩) કે. રાહેજા કોર્પ પ્રાઈવેટ લિમિટેડનાં ૧૦,૭૮૪,૧૭૬ ઈક્વિટી શેર, (૪) પાલ્મ શેલ્ટર એસ્ટેટ ડેવલપમેન્ટ એલએલપીના ૮૦૦,૦૦૦ ઈક્વિટી શેર અને (૫) આઈવરી પ્રોપર્ટીઝ એન્ડ હોટેલ્સ પ્રાઈવેટ લિમિટેડનાં ૨,૦૦૦,૮૨૪ ઈક્વિટી શેર (સંયુક્તપણે ''વિક્રેતા શેરધારકો'' અને આ પ્રકારની ઓફર ફોર સેલ 'ઓફર ફોર સેલ') સામેલ છે.

બિડ/ઓફર ૩૧ જાન્યુઆરી, ૨૦૧૯ના રોજ બંધ થશે. ઓફરની પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૨૭૫થી રૂ. ૨૮૦ છે. બિડ લઘુતમ ૫૩ ઈક્વિટી શેરનાં લોટમાં થઈ શકશે અને પછી ૫૩ ઈક્વિટી શેરનાં ગુણાંકમાં થઈ શકશે. ઈક્વિટી શેરનું લિસ્ટીંગ બીએસઈ અને એનએસઈ પર થશે. ઓફરનાં બુક રનિંગ લીડ મેનેજર્સ (''બીઆરએલએમ'') જેએમ ફાઈનાન્શિયલ લિમિટેડ, એક્સિસ કેપિટલ લિમિટેડ અને મોર્ગન સ્ટેન્લી કંપની પ્રાઈવેટ લિમિટેડ છે.

ગુજરાતમાં બાયર પોતાનો ઉત્પાદન વ્યાપ મજબૂત કરે છે

આજે, બાયર ક્રોપસાયન્સ લિમિટેડ તેની હિંમતનગર સાઈટ ખાતે નવા પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું છે. સસ્પેન્શન કોન્સન્ટ્રેશનું ઉત્પાદન કરવા પ્લાન્ટ, અત્યાધુનિક ટેકનોલોજીથી સુસજ્જ છે. આ બાયરના પર્યાવરણલક્ષી ફોર્મ્યુલેશન્સ ફસલ રક્ષણ તથા પર્યાવરણ વિજ્ઞાનના ઉત્પાદનોમાં વાપરવામાં આવશે. આજ સુધી હિંમતનગર સાઈટ ખાતે બાયરે રૂ. ૧ બિલિયન (૧૦૦ કરોડ) કરતાં વધુ રકમનું રોકાણ કર્યું છે.

'બાયર માટે ભારતમાં, હિંમતનગર એક અગત્યની ઉત્પાદન સાઈટ છે, જે સ્થાનિક વપરાશકર્તાઓ ઉપરાંત એક્સપોર્ટસ માટે આપૂર્તિ કરે છે. આ નવો પ્લાન્ટ અમને ઉત્પાદન ક્ષમતામાં ૨૫ ટકા જેટલો વધારો કરવા સક્ષમ બનાવશે અને દક્ષિણ એશિયામાં અમારા ફસલ રક્ષણ તથા પર્યાવરણ વિજ્ઞાન વ્યાપરને અવલંબન આપશે. ગુણવત્તાનાં ઉચ્ચત્તમ માપદંડો સુનિશ્ચિત કરવા સાથે, એ અમને અમારા ગ્રાહકોને ઝડપભેર ઉત્પાદનો પહોંચતા કરવામાં મદદ કરશે,' સાઉથ એશિયા ખાતેના વરિષ્ઠ બાયર પ્રતિનિધિ, ડી. નારાયણે જણાવ્યુ.

હિંમતનગર સાઈટ ખાતે ૧૯૯૧માં ફોલિડોલ ડસ્ટના ઉત્પાદન સાથે ઉત્પાદન પ્રક્રિયાની શરૂઆત કરવામાં આવી હતી. વર્ષો વિતતાં સસ્પેન્શન કોન્સન્ટ્રેટ (એસસી), વૉટર ડિસ્પર્સિબલ ગ્રેન્યૂલ્સ (ડબલ્યુજી) અને ઓઈલ ડિસ્પર્શના (ઓડી) જેવાં નવાં ફોર્મ્યુલેશન્સની પ્રસ્તુતિ સાથે આ સાઈટમાં અનેક પરિવર્તનો કરવામાં આવ્યાં. આજની તારીખે આ સાઈટ બ્રાઝિલ અને યુરોપ સહિત વિશ્વનાં અનેક ક્ષેત્રોમાં ડબલ્યુજી ઉત્પાદનોની મુખ્ય નિકાસકાર છે. આ સાઈટ પર અત્યાધુનિક ફોર્મ્યુલેશન પ્લાન્ટસ ૪.૩ એકર કરતાં વધુ વિસ્તારમાં સ્થાપિત થયેલા છે અને જેમાં ૧૦૪ કાયમી કર્મચારીઓ કાર્યરત છે.

સાબરકાંઠાના વડાલીમાં ભુરાલાલ છગનલાલ શાહ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના મેદાનમાં જીલ્લા કક્ષાનો ૭૦માં પ્રજાસત્તાકદિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પાણી પુરવઠા મંત્રી અને જીલ્લા પ્રભારી પરબતભાઈ પટેલે ધ્વજવંદન કરાવ્યું હતું. ત્યારબાદ પોલીસે પરેડનું નિરક્ષણ કરી સલામી ઝીલી હતી. જીલ્લાના વિવિધ વિભાગ ધ્વારા ટેબ્લોનું નિદર્શન કરવામાં આવ્યું હતું. વિવિધ સ્કુલના વિધાર્થીઓ ધ્વારા રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરાયા હતા તેમાં નરેન્દ્ર મોદીની પણ કૃતિ રજુ કરાઈ હતી. પોલીસ ધ્વારા અશ્વ અને શ્વાન ધ્વારા વિવિધ કરતબો રજુ કરાયા અને પોલીસ જવાન ધ્વારા બાઈક પર સ્ટંટ પણ રજુ કરાયા હતા. કાર્યક્રમના અંતમાં જીલ્લામાં વિશિષ્ટ કામગીરી બદલ વિવિધ વિભાગના કર્મચારીઓનું મોમેન્ટો અને સન્માનપત્ર આપી સન્માન કરાયું હતું.

ભારે હિમવર્ષા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઠંડીની અસર જણાશે. દેશના ઉત્તરીય પર્વતીય ભાગો ઉપરાંત ઉત્તર ભારતના કેટલાક ભાગોમાં કમોસમી વરસાદ સાથે માવઠા થવાની પણ શક્યતા છે.

આવનાર દિવસો તા. ૨૮ અને ૨૯ દરમિયાન ઉત્તર ગુજરાત અને કચ્છના કેટલાક ભાગોમાં ન્યૂનતમ તાપમાન ૮ ડિગ્રી સેલ્સીયસથી નીચુ જવાની સંભાવના જણાઈ રહી છે. આ ઉપરાંત દાંતીવાડાના અમુક ભાગ, રાજસ્થાન, આબુ તથા મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં પણ ન્યૂનતમ તાપમાન નીચુ જવાની સાથે ઠંડીની અસરો વિશેષ રહેવાની સંભાવના છે. ઉત્તરીય સૌરાષ્ટ્રના કેટલાક ભાગ, ગીરનાર તથા સુરેન્દ્રનગર જિલ્લાના કેટલાક ભાગમાં ઠંડી રહી શકે છે. આ ઉપરાંત તેમના જણાવ્યા મુજબ ઠંડીની અસરો કૃષિપાકો માટે સારી હોવા છતાં વાદળવાયુના કારણે જીરૂ, ઈસબગુલના પાકમાં અસરકરતા હોવાથી આ દરમિયાન પાકની અવસ્થો ધ્યાનમાં લઈ પિયત આપવાના સમયને ટાળવાની સલાહ આપવામાં આવે છે.

ટીમો ત્રાટકી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વજન સાથે કરવામાં આવી હતી. આ શાળા સંચાલકોને વજનને લઈ તાકીદ પણ કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. જોકે વિગતવાર અહેવાલ આ ઝુંબેશનો તૈયાર થઈ રહ્યો હોવાનું સૂત્રોએ સ્વીકાર્યુ છે.

પ્રા. શાળાના બાળકોના દફતરના ભાર વિશે સરકારે હમણાં જ વિગતવાર પરિપત્ર કરી વજન અંગેની સૂચનાઓ આપી છે. તંત્ર દ્વારા પરિપત્ર થયાના બે થી ત્રણ માસ પછી આજે એકાએક આ મુદ્દે તપાસ માટે ખાસ ટીમો બનાવી અને શાળાઓમાં ચેકિંગ કરાયુ હતુ.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની ટીમોએ આજે દહેગામની ૭, ગાંધીનગરની એક, કલોલની ૪ અને માણસાની ૧ શાળામાં ત્રાટકી હતી.

એક શાળામાં સ્થાનિક કારણોસર રજા જાહેર કરવામાં આવી હોવાથી ટીમ પરત ફરી હતી. જોકે તંત્રની ટીમે આજે એકાએક હાથ ધરેલ તપાસને કારણે શિક્ષણ સંચાલકોમાં સન્નાટો છવાઈ જવા પામ્યો છે. તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે વિગતવાર અહેવાલ તૈયાર થઈ ગયા બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

સરકાર એક તરફ પ્રા. શાળાના બાળકોને ભાર વગરનું ભણતર આપવા આગ્રહ કરી રહી છે ત્યારે શાળાઓ દ્વારા બાળકોને તેમના કરતાં વધુ વજનની સ્કૂલબેગો સાથે શાળાએ આવવા કહી રહી છે.

જિલ્લામાં માધ્યમિક શાળાઓમાં ધો. ૯ થી ૧૨ની પરીક્ષા ચાલતી હોવાથી હાલ દફતર ચકાસણી અભિયાન માત્ર પ્રા. શાળા પુરતુ મર્યાદિત રાખવામાં આવ્યુ હોવાનું પણ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. આ અભિયાન આગામી દિવસોમાં પણ ચાલુ રહેશે તેમ આ સૂત્રોએ સ્વીકાર્યુ છે.

છોડતા પણ નથી.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

છીએ પરંતુ રાષ્ટ્ર રક્ષામાં અમે કોઈપણ પગલું ઉઠાવતા ચૂકતા નથી. આ જ કારણ છે કે છેલ્લાં સાડા ચાર વર્ષમાં દેશની રક્ષા અને સુરક્ષાના સર્વોપરી માનતા અનેક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યા.

પીએમ મોદીએ કહ્યું કે ભારત દુનિયાના એ પસંદગીના દેશોમાં સામેલ થયો છે, જેની પાસે જળ, થલ, અને નભથી પરમાણુ હુમલા અને આત્મરક્ષા કરવાની ક્ષમતા છે. આ સિવાય દાયકાઓથી લટકી પડેલા લડાકુ વિમાનો અને આધુનિક તોપો સાથે જોડાયેલ સમજૂતીને જમીન પર ઉતારવામાં આવી છે. દેશમાં પણ મિસાઈલથી લઈ ટેક, દારૂગોળા, અને હેલિકોપ્ટર બનાવાઈ રહ્યાં છે. યુવા સાથીઓને આશ્વસ્ત કરું છું કે આવનારા સમયમાં તે દરેક મોટા અને કડક નિર્ણય લેવાશે જે રાષ્ટ્રની સુરક્ષા માટે જરૂરી છે. જો રાષ્ટ્ર સુરક્ષિત રહેશે તો યુવાન પોતાના સપનાં સાકાર કરી શકશે.

યુવાનોને ઉત્સાહવર્ધન કરતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી એ કહ્યું કે તમે અહીં દેશના અલગ-અલગ વિસ્તારોમાંથી આવો છો. તમારામાંથી તમામ અલગ-અલગ પૃષ્ઠભૂમિમાંથી છે. મને તમારા બધાના પરિશ્રમનો અહેસાસ છે. હું તમને માત્ર એટલું જ કહીશ કે આ પરિશ્રમ આપણને સમર્થ બનાવે છે. પરિશ્રમનું શું પરિણામ હોય છે એ જાણવા માટે તમારે બહુ દૂર જવાની જરૂર નથી. તમારી અંદરથી જ તમારા સાથીઓને તાજેતરમાં અદ્ભુત હૉંસલો દેખાડતા દેશને ગૌરવની પળ આપી. પર્વતારોહણ અને ટ્રેકિંગ જેવી સાહસિક ગતિવિધિઓ કે પછી રમતના મેદાનમાં ત્રિરંગો લહેરાવાનું કામ, અનેક કેડેટ્સ આગળ આવ્યા છે.

નોર્થ ઈસ્ટ ડાયરેક્ટરની કેડેટ હિમા દાસને તો આજે દુનિયા ગૌરવથી જોવા લાગી છે. અનાજના ખેતરો પર દોડતા-દોડતા, ખેતરોની પગદંડીઓ પર સંતુલના સાંધતા હિમાદાસ આજે આ સ્તર પર પહોંચી છે. અભાવોને અવસર બનાવતા હિમાએ પહેલાં જુનિયર એથલિટિક્સ ચેમ્પિયનશિપમાં પછી એશિયન ખેલોમાં દેશને ગૌરવ કરાવ્યું છે. યુવા પ્રતિભાઓને જ્યારે હું જોઉ છું ત્યારે વિશ્વાસ મજબૂત થઈ જાય છે, આ વિશ્વાસને વધુ સશકત કરવાની ઊર્જા મળે છે તેમ વડાપ્રધાને કહ્યું હતું.

કલ્યાણ કાર્ડ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ન્યુનતમ આવકની ગેરંટી એક પ્રકારથી યુનિવર્સલ બેઝિક ઈન્કમ સ્કીમ છે. આ સ્કીમ હેઠળ સરકાર દેશના ગરીબોને કોઈપણ શરત વગર એક ચોક્કસ રકમ આપે છે. આનો મતલબ એ થયો કે, જો યોજના અમલી બનશે તો સરકારને દેશના દરેક ગરીબ નાગરિકને એક ચોક્કસ રકમ ચોક્કસ અંતર પર આપવી પડશે. અલબત્ત આ સ્કીમ હેઠળ ગરીબોની પરિભાષા શું રહેશે તે સરકાર દ્વારા નક્કી કરવામાં આવશે. રાહુલ ગાંધીએ આજે કહ્યું હતું કે, આ પ્રકારની સ્કીમ વિશ્વમાં કોઈપણ જગ્યાએ શરૂ કરવામાં આવી નથી. વિશ્વમાં કોઈપણ જગ્યાએ આવી સ્કીમ નથી. રાહુલે કહ્યું હતું કે, જ્યારે અમારા લાખો ભાઈ-બહેનો ગરીબીના સકંજામાં છે ત્યારે ન્યુ ઈન્ડિયાની રચના કરી શકાય નહીં. કોઈપણ વ્યક્તિ ભુખ્યા રહેશે નહીં તેવી અમારી ગણતરી છે. છત્તીસગઢ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, અન્ય રાજ્યોમાં આ સ્કીમની શરૂઆત કરવામાં આવનાર છે. કોંગ્રેસ આ ઐતિહાસિક નિર્ણયને અમલી કરશે. કિસાન આભાર સંમેલનમાં રાહુલે અન્ય મુદ્દા ઉપર પણ વાત કરી હતી. રાહુલે એમપણ કહ્યું હતું કે, લોન માફીના મુદ્દે મોદી સરકાર આગળ વધી રહી નથી. તેમણે આક્ષેપ કર્યો હતો કે, જમીન અધિગ્રહણમાં પણ પારદર્શકતાના અધિકારને રોકવાના પ્રયાસ થઈ રહ્યા છે.

કુમારસ્વામી... ●